ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૬-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### ગતિશીલ ગુજરાતના સૂત્ર સાથે આગે કદમ

મુખ્યમંત્રી તરીકેની બાર વર્ષથી લાંબી કારકિર્દી દરમિયાન નરેન્દ્રભાઇ મોદીએ દેશ અને દુનિયામાં ગુજરાતના નામનો ડંકો વગાડી દીધો. અત્રતત્રસર્વત્ર એમનું નામ 'નંબર-વન' મુખ્યમંત્રી તરીકે ગાડતું રહ્યું જેને કારણે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં તેઓ એનડીએના અધિકૃત વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે ત્રણસો ઉપર બેઠકો જીતવાનો લક્ષ્યાંક પાર પાડી શક્યા. ગુજરાતના મુખ્યમંત્રી દેશના વડાપ્રધાનપદે બિરાજે એથી વધુ આનંદદાયક બાબત બીજી કઇ હોઇ શકે? પરંતુ નરેન્દ્રભાઇના ઊર્ધ્વારોહણ પછી ગુજરાતની ધુરા કોણ સંભાળશે એ વિશે ઘણાના મનમાં અવઢવ હતી. નરેન્દ્ર મોદીએ અગાઉથી જ એમના અનુગામીનું નામ નક્કી કરી રાખ્યું હતું. આનંદીબેન પટેલ ગુજરાતનાં પહેલાં મહિલા મુખ્યમંત્રી બન્યાં ત્યારે એમની સામે સૌથી મોટો પડકાર ગુજરાતની વિકાસકૂચને ટકાવી રાખવાની હતી. એ પડકાર આનંદીબેન સુપેરે ઝીલી શકશે અને પ્રજાની આકાંક્ષાઓને અનુરૂપ વધુ સારાં મુખ્યમંત્રી પુરવાર થઇ શકશે એનાં એંધાણ એમના પ્રારંભિક શાસનકાળ પરથી વરતાઇ રહ્યાં છે. લાંબા વહીવટી અનુભવ અને આદર્શ શિક્ષકની શિસ્તબદ્ધતાને લીધે આનંદીબેન સત્તા સંભાળતાંની સાથે જ કલ્યાણ રાજની સંકલ્પના મુજબ આગળ વધી રહ્યાં છે. એમણે ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી જઇ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમોમાં હાજરી આપી અને ત્યાં ફૂલહારની જગ્યાએ ફળફળાદિ તથા ખાદ્યાન્ત સ્વીકારીને ગરીબ બાળકોમાં વહેંચી દઇ નવો ચીલો ચાતર્યો. સો દિવસનું લક્ષ્ય નક્કી કરી સામાજિક ક્ષેત્રે રાજયના સર્વાંગીણ વિકાસની ગતિને નવો જ આયામ આપતાં આનંદીબેનના એજન્ડામાં બાળકો, સ્ત્રીઓ, ખેડૂતો, યુવાવર્ગ અને આરોગ્ય જેવા મુદ્દાઓનો સમાવેશ કરાયો છે. પાંચ લાખ બાળકોને ફ્લેવર્ડ દૂધ આપવા ઉપરાંત હાઉસિંગ અને રોજગારીના લાભાર્થીઓને આવરી લેતાં દસ હજાર સેલ્ફ હેલ્પ ગ્રુપોની રચના, મિશન મંગલમ્ અંતર્ગત મહિલાઓ માટે કલ્યાણકારી અભિગમ જેવાં સ્ત્રી સશક્તીકરણનાં પગલાં, અઢી હજાર જેટલાં ગામોમાં કચરા વ્યવસ્થાપન અને એકસો ઓગણસાઠ નગરપાલિકાઓમાં ઘનકચરાના નિકાલ માટે સાધનોનું વિતરણ, મહેસૂલી રેકર્ડનું સંપૂર્ણ આધુનિકીકરણ ૧૦૦ દિવસમાં જ ૩૭૪ જેટલા ભરતીમેળાઓ દ્વારા ૭૫,૦૦૦ જેટલો બેકાર યુવક-યુવતીઓને રોજગારી, શહેરોમાં માળખાગત સુવિધાઓ અન્વયે સીવરેજ લાન્ટો અને શુદ્ધ પેયજળના પ્રોજેક્ટ વગેરેનો એક સુરેખ નકશો મુખ્યમંત્રીશ્રીએ એમના હસ્તકના તંત્રવાહકો સમક્ષ રજૂ કરી દીધો છે. આનંદીબેનને બધું જ 'ટાઇમબાઉન્ડ' ખપે છે તે બાબતથી વાકેફ તંત્ર પણ એમના આદેશ મુજબ દોડતું થઇ ગયું છે. ગતિશીલ ગુજરાતનાં આ લોખંડી મનોબળ ધરાવતાં મહિલા મુખ્યમંત્રીએ કરાઇ ખાતે પોલીસ સબ ઇન્સેક્ટરોની દીક્ષાંત પરેડમાં તેત્રીસ ટકા મહિલાઓની પોલીસ ખાતાની તમામ કેડરમાં ભરતી કરવાના આદેશો આપી દીધા છે.

અબળાને પ્રબળા બનાવવાનો એમનો આ સંકલ્પ પાર પાડી શકાય એટલા સારું પોલીસ ભરતીમાં મહિલાઓની પસંદગીનાં ધોરણો પણ હળવા કરવાની તૈયારી દર્શાવીને એમણે ગુજરાતી બહેનોનાં હૈયામાં હંમેશ માટે એક ખાસ જગ્યા બનાવી દીધી છે. આનંદીબેનના જીવનમાં ઘણા આરોહ-અવરોહ આવ્યા છે. પરંતુ ગમે તેવા કપરા સંજોગો સામે તેઓ શિલાની જેમ અડીખમ રહ્યાં છે અને આટલે સુધી પહોંચ્યાં છે. ગુજરાતના માંદલા, કુપોષિત બાળપણને તેઓ રાષ્ટ્રના નકશા પર તંદુરસ્ત અને તેજસ્વી બાળપણ તરીકે મૂકી આપવા કૃતસંકલ્પ છે. સહિયારા પુરૂષાર્થમાં શ્રદ્ધા ધરાવતાં આનંદીબેન પટેલ અનેકને માટે પ્રેરણાની દીવાદાંડી બની રહ્યાં છે. ઓલ ધ બેસ્ટ આનંદીબેન!

### "પૃથ્વી પણ ફાટશે અને વિનાશ થશે" એટલા જ શબ્દો ઝોકે ચડેલાના કાનમાં પડેલા, ઈ ભેગા તો એ ઘાંઘા થઈ ગ્યા ને એની તો રાડ ફાટી ગઈ

એક વખત બ્રહ્માંડ અને સૂર્યમાળા ઉપર સેમિનાર યોજાયો. તેમાં ખ્યાતનામ ખગોળશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો વગેરે આવેલા. મંગળ પ્રાર્થના, દીપ-પ્રાકટ્ય, પછી સ્વાગત ફુલહાર વગેરે પત્યા પછી કાર્યક્રમ શરૂ થયો. કોઈએ બ્રહ્માંડ ઉત્પત્તિ ઉપર, કોઈએ તારના જન્મ-વિસ્ફોટ ઉપર તો કોઈએ બ્લેક હૉલ ઉપર પ્રવચન આપ્યા.

પછી જે વક્તા આવ્યા તેમણે સૂર્યમાળા અને સૂર્ય ઉપર શરૂ કરી દીધું. તેમણે કીધું કે અબજો વર્ષ પહેલાં સૂર્યની ઉત્પત્તિ થઈ છે. પછી તેના વ્યાસ, પરિઘ, કદ તેમાં રહેલી ગરમી (ઉષ્ણતામાન) વગેરે ઉપર સારી એવી માહિતી આપી. પછી આગળ ચલાવ્યું, "આ સૂર્ય દર બે સેન્ટિમીટર જેટલો સંકોચાય છે. એ રીતે જોતાં લગભગ એક કે દોઢ અબજ વર્ષ પછી એક સાવ નાના દડા જેવો સૂર્ય થશે ત્યારે તેના કેન્દ્રમાં એટલું બધું પ્રચંડ દબાણ અને બળ ઉત્પન્ન થશે કે તેનાથી મહાવિસ્ફોટ થશે ચારેબાજુ ખળભળાટ થશે અને પછી બધા ગ્રહો સાથે પૃથ્વી પણ ફાટશે અને વિનાશ થશે!"

**નાની અમથી વાત**
**(હળવે હૈયે)**
**હજુ વાર છે!**
- લે. ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

હવે આ પ્રવચન ચાલુ હતું ત્યારે છેલ્લેથી બીજા નંબરની લાઇનમાંથી ખુરશી પર એક ભાઈ ઝોકે ચડી ગયેલા. જેવા વક્તા બોલેલા કે "પૃથ્વી પણ ફાટશે અને વિનાશ થશે" એટલા જ શબ્દો ઝોકે ચડેલાના કાનમાં પડેલા, ઈ ભેગા તો એ ઘાંઘા થઈ ગ્યા ને એની તો રાડ ફાટી ગઈ "હે પૃથ્વી ફાટશે અને વિનાશ થશે?" શાંતિ રાખો... હજી ઘણીવાર છે."

ત્યાં બીજા ભાઈએ ટાપશી પુરી કે, "પૃથ્વી તો જયારે ફાટવી હશે ત્યારે ફાટશે પમ આમની તો અત્યારથી ફાટવા માંડી."

**સૂરસૂરિયું :**

મગનલાલનો યક્ષ પ્રશ્ન, "આ ફુટબોલનો વર્લ્ડ કપ, 'ફીફા' ખાંડવવાળાઓએ યોજ્યો છે?"

# આજથી ડિપ્લોમા નર્સીંગમાં પ્રવેશ માટેના ફોર્મનું વિતરણ

### આઠ જુલાઈ સુધી વિદ્યાર્થીઓ એક્સિસ બેંકની શાખાઓ પર નિયત ફી જમા કરાવી પ્રવેશ માટે ફોર્મ મેળવી શકશે

અમદાવાદ, તા.૨૫


એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ દ્વારા નર્સીંગમાં પ્રવેશ માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. બીજે મેડીકલ કોલેજ ખાતેથી શરૂ થયેલ આ પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત આવતીકાલથી ડિપ્લોમા નર્સીંગમાં પ્રવેશ માટેના ફોર્મનું વિતરણ શરૂ કરાશે. જેમાં આગામી આઠ જુલાઈ સુધી વિદ્યાર્થીઓ એક્સિસ બેંકની શાખાઓ પર નિયત ફી જમા કરવાની પ્રવેશ ફોર્મ મેળવી શકશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં છેલ્લા કેટલાક વર્ષોથી જનરલ નર્સીંગના અભ્યાસક્રમોનો ક્રેજ વધ્યો છે ત્યારે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ દ્વારા નર્સીંગમાં પ્રવેશની કામગીરી શરૂ રકવામાં આવી છે. આ પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત આવતીકાલથી આઠ જુલાઈ સુધી એક્સિસ બેંકની શાખાઓ પરથી પ્રવેશ ફોર્મનું વિતરણ કરવામાં આવશે. જ્યારે જનરલ નર્સીંગ એન્ડ મેડવાઈફરી અભ્યાસક્રમ અને ઓકિઝલરી મિડવાઈફરી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ પ્રવેશપત્રો ભરીને આવતીકાલથી ૧૧ જુલાઈ સુધી નિયત કરેલા કેન્દ્રો ખાતે સુપરત કરી શકશે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશન કોર્સીસ દ્વારા અમદાવાદમાં બીજે મેડીકલ કોલેજ, સીવીલ કેમ્પસ, ઉપરાંત વડોદરા, સુરત, સિદ્ધપુર, જામનગર, રાજકોટ અને ભાવનગર ખાતે આવેલી કોલેજો પર પ્રવેશ ફોર્મ સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મેરીટ લીસ્ટ બહાર પાડીને પ્રવેશ આપવાની કામગીરી હાથ ધરાશે. આ પ્રવેશ પ્રક્રિયા અંગે વધુ માહિતી www.diplomanursing.in પર જાણી શકાશે.

## હરિની દૃષ્ટિ...



નાખ આને પાણીના તપેલામાં, અને યજ્ઞ કરાવ,... હવે તો તો જ વરસાદ આવશે....!!

# શાળા પ્રવેશોત્સવમાં જેસીઆઈ દ્વારા વિદ્યાર્થીઓને કિટનું વિતરણ



ગાંધીનગર, તા.૨૫

'શાળા અમારી તિર્થભૂમિ, જ્ઞાનગંગા જયાં વહે'ની પ્રાર્થના સાથે નવાં આવેલાં ભૂલકાઓ શાળાનું પગથિયું ચઢે છે. પ્રવેશ પછી એ ગૃહપ્રવેશ હોય, નોકરીનો પ્રવેશ હોય કે શાળાનો, અનોખો જ હોય છે અને એમાં જયારે નવાં વિદ્યાર્થીઓના સ્વાગત માટે કોઈ ચોકલેટ, બુકે અને અવનવી ગિફટ સાથે તૈયાર હોય ત્યારે ભૂલકાઓ માટે આનંદનો અવસર બની જાય છે.

ગાંધીનગરમાં ટૂંકા ગાળામાં સામાજીક ક્ષેત્રે સડસડાટ કામ કરતી જેસીઆઈની યુવા ટીમે સે-૧૩માં આવેલી સરકારી શાળાનાં નવાં દાખલ થઈ રહેલાં ૪૦ ભૂલકાં અને ભણી રહેલાં ૩૫૦ વિદ્યાર્થીઓને ચોકલેટસ અને વેલકમ કિટસ સાથે આવકાર્યા. આ પ્રસંગે આઈ.એ.એસ. ભાગ્યેશ જહા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કેતન ભાવસારનાં હસ્તે નવાં પ્રવેશી રહેલાં વિદ્યાર્થીનું મોં મીઠું કરાવી વેલકમ કિટ આપી હતી.

આ સરસ મજાનાં કાર્યક્રમના પ્રોજેકટ ચેરમેન પદમસિંહ ચૌહાણે ખૂબ જ ટૂંકા ગાળામાં આનું મસ્ત આયોજન કર્યું અને સફળ બનાવવા નિકુંજ શુકલા, વિરલ શાહ, જીગર, વિનેશ ચૌહાણ ગૌરવ, મિલન અને અન્યોએ ભૂલકાઓ જેવા ઉત્સાહથી દોડાદોડ કરી શાળા પ્રવેશોત્સવનો આ કાર્યક્રમ સરાહનીય રહ્યો.

# અધ્યાપકોનો ફિક્સ પગાર ૨૫,૦૦૦ કરવામાં આવશે

### ગ્રાન્ટેડ કોલેજોના ફિક્સ પગાર આધારીત અધ્યાપકોના પગારમાં વધારો થશે : અધ્યાપકો માટે રાહતના સમાચાર

અમદાવાદ, તા.૨૫

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં ફિક્સ પગારથી ફરજ બજાવતા અધ્યાપકોના પગાર ધોરણમાં વધારો કરવા માટેનું આયોજન રાજયના શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ફિક્સ પગાર અને કાયમી અધ્યાપકોની લાયકાત એક જ સરખી હોવાની તેમના પગાર ધોરણમાં સુધારો કરવામાં આવી રહ્યો છે.

રાજ્યની સરકારી આર્ટસ, કોમર્સ, સાયન્સ, બીએડ અને લો કોલેજોમાં અધ્યાપકોની ઘટ હોવાથી તેની ભરતી જીપીએસસી દ્વારા કરવામાં આવતી હોય છે. આ ભરતી પ્રક્રિયામાં વિલંબ થતો હોવાથી શિક્ષણ વિભાગ દ્વારા કરાર આધારીત અધ્યાપકોની ભરતી કરવામાં આવતી હોય છે. આવી જ રીતે રાજયની અનુદાનિત કોલેજોમાં ખાલી પડેલી અધ્યાપકોની જગ્યા ભરવા માટે કરાર આધારીત અધ્યાપકની ભરતી કરવામાં આવે છે. આવા કરાર આધારીત અધ્યાપકોને રાજય સરકારના ધારાધોરણ મુજબ હાલમાં માસીક ૧૬,૫૦૦નો ફિક્સ પગાર મળે છે. તેમ છતાં ફિક્સ પગારથી અધ્યાપકોની ભરતી માટેની લાયકાત પણ પૂર્ણ પગારના અધ્યાપકોની લાયકાતની સમકક્ષ એટલે કે નેટ કે સ્લેટની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ અથવા પીએચડી કરેલ હોવું જોઈએ. પૂર્ણ પગારના અધ્યાપકોની સરખામણીમાં ફિક્સ પગાર આધારીત અધ્યાપકોને ઘણો ઓછો પગાર મળે છે જ્યારે બંને અધ્યાપકોની શૈક્ષણિક લાયકાત અને કામગીરી સરખા છે જેના કારણે ફિક્સ પગાર આધારીત અધ્યાપકોને અન્યાય થતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેથી રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આ મામલે ચર્ચા વિચારણાના અંતે કરાર ફિક્સ પગાર પર રખાયેલ અધ્યાપકોના ફિક્સ પગારમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. શિક્ષણ વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા ફિક્સ પગાર પર આધારીત અધ્યાપકોનું હાલનું પગાર ધોરણ રૂા. ૧૬,૫૦૦ થી વધારીને ૨૫,૦૦૦ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે ટુંક સમયમાં સત્તાવાર જાહેરાત કરાશે.

# પૂરક પરીક્ષાનું ફોર્મ ભરવાથી વંચિત આજે ફોર્મ ભરી શકશે

### ધોરણ ૧૦ પૂરક પરીક્ષામાં ફોર્મ ભરવાથી હજુય વંચિત વિદ્યાર્થીએ ફોર્મ ભરવા વડોદરા બોર્ડ કચેરીએ જવું પડશે

અમદાવાદ, તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૧૪માં લેવાનાર પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પરીક્ષા ફોર્મ ભરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ચુકી છે. ત્યારે જે વિદ્યાર્થીઓ ફોર્મ ભરવામાં વંચિત રહી ગયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે વધુ એક તક આપવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં એક અથવા બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે જુલાઈ-૨૦૧૪માં પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અરજીપત્રક ભરવાની છેલ્લી તારીખ પૂર્ણ થઈ ચુકી છે ત્યારે હજુ પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ફોર્મ ભરવાથી વંચિત રહી ગયા હોવાનું શિક્ષણ બોર્ડના ધ્યાનમાં આવ્યું છે જેના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા ફોર્મ ભરવાથી વંચિત રહી ગયેલા હોય તેવા વિદ્યાર્થીઓને વધુ એક તક આપવામાં આવી છે જે મુજબ આવતીકાલે વિદ્યાર્થીઓ સાંજના ૪:૦૦ વાગ્યા સુધી વડોદરા સ્થિત શિક્ષણ બોર્ડની કચેરી ખાતે રૂબરૂ ઉપસ્થિત રહીને જરૂરી ફીનો ડ્રાફ્ટ અને જરૂરી પ્રમાણપત્રો રજુ કરીને પોતાનું પરીક્ષા ફોર્મ ભરી શકશે. જો કે આવતીકાલે ફોર્મ ભરનાર ઉમેદવારોને શિક્ષણ બોર્ડે જે જગ્યાએ પરીક્ષા કેન્દ્ર ફાળવશે તે જગ્યાએ પરીક્ષા આપવાની રહેશે. આ સાથે જ શિક્ષણ બોર્ડે સ્પષ્ટતા કરી છે કે આવતીકાલે બપોરે ૪:૦૦ વાગ્યા બાદ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

### પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થી જોગ

ચાલુ વર્ષે સમસ્ત પાટીદાર સમાજ-સુરતના સહયોગથી સમાજ પરિવારના તેજસ્વી તારલા કે જેમણે માર્ચ ૨૦૧૪ની ધો-૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૮૦ ટકા અને સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા તેમજ ધો-૧૦માં ૯૦ ટકાથી વધારે ગુણ પ્રાપ્ત કર્યા હોય તેમણે તેમની સ્કુલ લીવીંગ પ્રમાણપત્ર અને માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ મોડામાં મોડા ૧૫-૭-૧૪ સુધીમાં શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી, સે-૭ ખાતે પહોંચતી કરવી. દરેક વિષયમાં ખરેખર મેળવેલ ગુણ ઉપરથી નક્કી કરી અગ્રતા આપવામાં આવશે.

# ઉવારસદ વિકલાંગ પુર્નવાસ શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

સદવિચાર પરિવાર સંચાલિત શ્રી હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર વિકલાંગ પુર્નવાસ કેન્દ્ર ઉવારસદ ખાતે વિકલાંગ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો.

રાજયમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન દરેક શાળાઓમાં પ્રવેશોત્સવ ધામધૂમપૂર્વક મનાવવામાં આવ્યો છે. શાળાના પગથિયા ચઢતા બાળકોને કંકુતિલક કરી મો મીઠું કરાવી કુમળી આંગળીઓ પકડી પ્રવેશ કરાવવામાં આવ્યો છે ત્યારે ગાંધીનગર તાલુકાના ઉવારસદ ખાતે આવેલી હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર વિકલાંગ પુર્નવાસ કેન્દ્ર ખાતે શારીરિક રીતે અશકત બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો છે.

આ પ્રસંગે આચાર્યએ જણાવ્યું હતું કે જીવનને ઉત્સવ બનાવી શૈક્ષણિક કાર્ય આરંભી રહ્યા છીએ ત્યારે શિક્ષણને પણ ઉત્સવનું અંગ બનાવી જીવનને સુખમય બનાવીએ.

# શાળાઓ વિદ્યાર્થીઓથી ભરાઈ ગઈ, હવે શિક્ષકોની ભરતી કરો : શૈક્ષણિક સંઘ

### ગુરૂઓની ઘટના કારણે વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની રહ્યું છે

ગાંધીનગર, તા.૨૫

રાજય સરકાર દ્વારા શાળા વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી ઉઠે તે માટે શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થીઓને કંકુ ચાંદલા કરી પ્રવેશ કરાવવામાં આવે છે. પરંતુ એક સિક્કાની બે બાજુ હોય તેવી રીતે શાળામાં ભણનાર છે પરંતુ ભણાવનાર નથી તેમ ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંઘ દ્વારા શિક્ષકોની ભરતી કરવા માટેની માંગણી કરી છે.

ગાંધીનગર જિલ્લામાં આવેલી શાળાઓમાં રાજય સરકારના મંત્રીઓ અને અધિકારીઓ દ્વારા ધામધૂમપૂર્વક શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. પોતાની કુમળી આંગળીઓમાં પેન પકડી નાના ભૂલકાઓ એકડો ગૂંથવા થનગની રહ્યા હતા. નાના બાળકોનું નિસ્વાર્થ હાસ્ય અને શાળામાં પ્રવેશ મેળવવાનો ઉત્સાહ દેખાઈ આવતો હતો.

પરંતુ બાળકોનો આ ઉત્સાહ જાણે થોડા સમય માટે જ હોય તેવું લાગી રહ્યું છે. રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં એકડો ઘૂંટતા શિખવાડનાર ગુરુઓની ઘટ વર્તાઈ રહી છે. રાજયમાં શાળાઓની મંજુરી દિવસ કરતા રાત્રે વધારી અપાતી હોય છે તેમ લાગી રહ્યું છે. આમ જોવા જઈએ તો દર પાંચ કિલોમીટરે એક શાળા દેખાય છે.

સરકાર દ્વારા શિક્ષકોની ભરતી માટે ટાટ પરીક્ષાની લાયકાત રાખવામાં આવી છે. સરકાર દ્વારા ઉમેદવારો માટે ટાટની પરીક્ષા પણ લેવામાં આવે છે. પરંતુ ટાટ પાસ ઉમેદવારોને ગુરુ બનાવવા માટે કયુ ગ્રહણ નડે છે તે ખ્યાલ આવતો નથી. બેરોજગારી વધી રહી છે. સરકાર પરીક્ષાઓ દ્વારા ઉમેદવારોના ખિસ્સા ખાલી કરી રહી છે ત્યારે ઉમેદવારો પોતની લાયકાતના આધારે શિક્ષક કયારે બનીશું તેની રાહ જોઈ રહ્યા છે તેવા ઉમેદવારોની ભરતી કરી શાળામાં ઘટ પુરવા સમિતિ દ્વારા માંગણી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના મહામંત્રી ચિનુભાઈ પટેલ અને આચાર્યા ભાવનાબા વાઘેલાએ જણાવ્યું છે કે શિક્ષકોની ઘટના કારણે વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની રહ્યું છે. એક બાજુ શિક્ષણ વિભાગ દ્વારા પરિણામ અધારિત ગ્રાંટની જોગવાઈ કરી છે ત્યારે જો શાળામાં શિક્ષક જ ન હોય તો પરિણામ કેવી રીતે આવી શકે? તેથી આ જોગવાઈ ન્યાયના વિરુધ્ધમાં છે જેથી શૈક્ષણિક સમાજમાં અસંતોષ ફેલાયો છે.

શિક્ષકોની અછતને લઈને સમિતિ દ્વારા અનેક વાર રજુઆતો કરવામાં આવી છે પરંતુ અધિકારીઓ દ્વારા ફિકસ કરેલી કેસેટ વાગતી હોય તેમ એક જ પ્રકારનો જવાબ સાંભળવા મળે છે. કહે છે કે તમે રાહ જુઓ શિક્ષકોના ઓર્ડર થઈ જશે ત્યારે સમિતિ કહે છે કે ઓર્ડર થશે તો ખરા પણ કયારે? વિદ્યાર્થીઓના ભાવિનું શું? જેથી સરકાર વિદ્યાર્થીઓના શિક્ષણના હિતમાં સત્વરે નિર્ણય લઈ વિદ્યાર્થીઓનું અંધકારમય ભાવિ પ્રકાશમય બનાવે તેવી માંગણી કરવામાં આવી છે.

# આજે 'મારો કાયદો, મારી ઢાલ' ધારાવાહિક પ્રસારિત થશે




ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદ દૂરદર્શન પ્રસ્તુત, ડી.ડી. ગીરનારનું નવલું નજરાણું એટલે નારી અધિકારની વાત સમજાવતી એક હૃદયસ્પર્શી ધારાવાહિક 'મારો કાયદો, મારી ઢાલ' ના બે એપિસોડનું પ્રસારણ તા. ૨૬મી જૂન અને ૩ જી જુલાઈ-૨૦૧૪ ગુરૂવારે રાતે ૮.૦૦ કલાકે ડી.ડી. ગીરનાર પરથી પ્રસારિત થશે.

મેઘા ચિતલિયા લિખિત, મનીષ પાટડિયા દિગ્દર્શીત, રજનીકાન્ત ઠાકર નિર્મિત 'મારો કાયદો, મારી ઢાલ' ધારાવાહિકના મુખ્ય પ્રવક્તા મુંબઈ રંગભૂમીના જાણીતા તખ્તાના કલાકાર ધર્મેશ વ્યાસ છે. જયારે મુખ્ય ભૂમિકામાં કાજલ સોની, હસમુખ મેકવાન, મીના પ્રજાપતિ અને ગુજરાતી ચલચિત્ર-ફિલ્મના ખૂબ જ લોકપ્રિય કલાકાર ફિરોજ ઈરાની છે. કવિશ્રી તુષાર શુક્લના ગીતોને આકાશ શાહના સંગીતે ગાયિકા ઐશ્વર્યા મજમુદારે સ્વરાંકન કર્યું છે. ધારાવાહિકના અન્ય સહ કલાકારોમાં સર્વશ્રી નિશિથ બ્રહ્મભટ્ટ, મુકેશરાવ, પ્રકાશ જોષી, યુવરાજસિંહ જાડેજા, જીજ્ઞા વોરા, મુશ્કાન, ભાવેશ નાયક, બી.ડી. વાઘેલા, કમલેશ પરમારે અભિનયના અજવાળા પાથર્યા છે.

ગુરૂવારે રાત્રે ૮.૦૦ કલાકે પ્રસારિત આ ધારાવાહિક 'મારો કાયદો, મારી ઢાલ'નું પુનઃ પ્રસારણ શનિવારે સવારે ૮.૩૦ કલાકે અને રાત્રે ૧૦.૪૫ કલાકે તેમજ રવિવારે બપોરે ૩.૦૦ કલાકે ડી.ડી. ગીરનાર પરથી પ્રસારિત થશે.